रजिस्ट्री संख्या/जीजेनआर/2

REGISTERED NO. G/GNR/1

રજિસ્ટર નંબર જી/જીએનઆર/૨

# भारत का राजपत्र
# The Gazette of India
# ભારતનું રાજપત્ર

असाधारण

**EXTRAORDINARY**

અસાધારણ

भाग–8 खण्ड–1

**PART VIII Section 1**

ભાગ ૮ વિભાગ-૧

प्राधिकारसे प्रकाशित

**PUBLISHED BY AUTHORITY**

અધિકારથી પ્રકાશિત

नं.-1 ] नई दिल्ली, सोमवार, 19 दिसम्बर, 1994/28 अग्रहायण, 1916 ( शक ) [ खंड-10

No.-1] NEW DELHI, MONDAY, DECEMBER 19, 1994/28 AGRAHAYAN, 1916 (SAKA) [Vol-10

અંક-૧] નવી દિલ્હી, સોમવાર, ૧૯ ડિસેમ્બર, ૧૯૯૪/૨૮ અગ્રહાયણ, ૧૯૧૬ (શક) [વોલ્યુમ-૧૦

इस भागमें भिन्न पृष्ट संख्या दी जाती है, जिस की यह अलग संकलन के रूप में रखा जा सके

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

આ ભાગને અલગ પાના નંબર આપેલ છે, જેથી તે અલગ સંગ્રહ તરીકે ફાઇલ કરી શકાશે.

विधि, न्याय और कंपनी कार्य मंत्रालय

( विधायी विभाग )

नई दिल्ली, 19 दिसम्बर, 1994/28 अग्रहायण, 1916 ( शक )

( 1 ) दि शिड्युल्ड कास्ट एन्ड शिड्युल्ड ट्राइब्स ( प्रिवेन्शन ऑफ अेट्रोसीटीझ ) एक्ट, 1989 ( सन 1989 का अधिनियम संख्यांक 33 ), ( 2 ) दि हिन्दु मेरेज एक्ट, 1955 ( सन 1955 का अधिनियम संख्यांक 25 ), ( 3 ) दि जुवेनाइल जस्टिस एक्ट, 1986 ( सन 1986 का अधिनियम संख्यांक 53 ), ( 4 ) दि प्रिवेन्शन आफ करप्शन एक्ट, 1988 ( सन 1988 का अधिनियम संख्यांक 49 ) के निम्नलिखित गुजराती अनुवाद राष्ट्रपति के प्राधिकार से प्रकाशित किये जाते है और प्राधिकृत पाठ ( केन्द्रीय विधि ) अधिनियम, 1973 ( सन 1973 का 50 ) की धारा 2 के खंड ( क ) के अधीन उसके गुजराती भाषा में प्राधिकृत पाठ समझे जाएंगे :-

MINISTRY OF LAW, JUSTICE AND COMPANY AFFAIRS

(Legislative Department)

New Delhi, dated 19th December, 1994 / 28 AGRAHAYAN, 1916 (SAKA).

The Translations in Gujarati of the following, namely :-(1) The Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989, (33 of 1989), (2) The Hindu Marriage Act, 1955 (25 of 1955), (3) The Juvenile Justice Act, 1986 (53 of 1986), (4) The Prevention of Corruption Act, 1988 (49 of 1988) are hereby published under the authority of the President and shall be deemed to be Authoritative Texts thereof in Gujarati under clause (a) of section 2 of the Authoritative Translations (Central Laws) Act, 1973 (50 of 1973).

વિધિ, ન્યાય અને કંપની કાર્ય મંત્રાલય

( વિધાયી વિભાગ )

નવી દિલ્હી, ૧૯ ડિસેમ્બર, ૧૯૯૪/૨૮ અગ્રહાયણ,૧૯૧૬ (શક).

(૧) ધી શિડ્યુલ્ડ કાસ્ટસ એન્ડ શિડ્યુલ્ડ ટ્રાઇબ્સ (પ્રિવેન્શન ઓફ એટ્રોસીટીઝ) એક્ટ, ૧૯૮૯(સન ૧૯૮૯નો અધિનિયમ ક્રમાંક ૩૩), (૨) ધી હિંદુ મેરેજ એક્ટ, ૧૯૫૫ (સન ૧૯૫૫ નો અધિનિયમ ક્રમાંક ૨૫), (૩) ધી જુવેનાઇલ જસ્ટીસ એક્ટ, ૧૯૮૬ (સન ૧૯૮૬ નો અધિનિયમ ક્રમાંક ૫૩), (૪ ) ધી પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ, ૧૯૮૮ (સન ૧૯૮૮ નો અધિનિયમ ક્રમાંક ૪૯), નું ગુજરાતી ભાષાંતર આથી રાષ્ટ્રપતિના પ્રાધિકાર હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને પ્રાધિકૃત પાઠ (કેન્દ્રિય કાયદા) અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૩ ના ૫૦મા) ની કલમ ૨ ના ખંડ (ક) હેઠળ તે, તેના પ્રાધિકૃત ગુજરાતી પાઠ છે એમ ગણાશે.

## હિન્દુ લગ્ન અધિનિયમ, ૧૯૫૫.

### અનુક્રમણિકા


પ્રારંભિક

કલમો

૧. ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ.

૨. અધિનિયમ લાગુ પડવા બાબત.

૩. વ્યાખ્યા.

૪. અધિનિયમની સર્વોપરિ અસર.

હિન્દુ લગ્નો

૫. હિન્દુ લગ્ન માટેની શરતો.

૬. (રદ કરી.)

૭. હિન્દુ લગ્નની વિધિઓ.

૮. હિન્દુ લગ્નોની નોંધણી.

દામ્પત્ય હકોનું પુનઃસ્થાપન અને ન્યાયિક અલગતા

૯. દાંમ્પત્ય હકોનું પુનઃસ્થાપન.

૧૦. ન્યાયિક અલગતા.

લગ્ન રદબાતલ થવા અને છૂટાછેડા બાબત

૧૧. રદ લગ્નો.

૧૨. રદ થવાને પાત્ર લગ્નો.

૧૩. છૂટાછેડા.

૧૩ક. છૂટાછેડાની કાર્યવાહિમાં વૈકલ્પિક રાહત.

૧૩ખ. પરસ્પરની સંમતિથી છૂટાછેડા લેવા બાબત.

૧૪. લગ્ન થયા પછીના એક વર્ષની અંદર છૂટાછેડા માટેની અરજ કરી શકાશે નહિ.

૧૫. છૂટાછેડા લીધેલી વ્યક્તિઓ ક્યારે પુર્નલગ્ન કરી શકે ?

૧૬. રદ અથવા રદ થવાને પાત્ર લગ્નોથી થયેલા બાળકોની ઔરસતા.

૧૭. દ્વિપતિત્વ અથવા દ્વિપત્નીત્વ માટેની શિક્ષા.

૧૮. હિન્દુ લગ્ન માટેની અમુક બીજી શરતોના ઉલ્લંઘન માટેની શિક્ષા.

હકુમત અને કાર્યરીતિ

૧૯. ક્યા ન્યાયાલયને અરજ કરવી જોઈશે.

૨૦. અરજોની વિગતો અને ખરાઈ.

૨૧. સન ૧૯૦૮નો ૫મો અધિનિયમ લાગુ પાડવા બાબત.

૨૧ક. અમૂક કેસોમાં અરજો બીજાને તબદીલ કરવાની સત્તા.

૨૧ખ. અધિનિયમ હેઠળની અરજોની ઈન્સાફી કાર્યવાહી અને નિકાલ સંબંધી ખાસ જોગવાઈ.

૨૧ગ. દસ્તાવેજી પૂરાવો.

૨૨. કાર્યવાહીઓ બંધ બારણે ચલાવવી અને તે છાપી કે પ્રસિધ્ધ કરી શકાશે નહિ.

૨૩. કાર્યવાહીઓમાં હુકમનામું.

૨૩.ક છૂટાછેડા અને અન્ય કાર્યવાહીઓમાં પ્રતિવાદી માટે રાહત.

૨૪. કાર્યવાહી ચાલુ હોય તે દરમિયાન ભરણપોષણ અને કાર્યવાહીનું ખર્ચ.

૨૫. કાયમી ખોરાકી-પોષાકી અને ભરણપોષણ.

૨૬. બાળકોનો હવાલો.

૨૭. મિલકતની વ્યવસ્થા.

૨૮. હુકમનામા અને હુકમો સામે અપીલ.

૨૮ક. હુકમનામા અને હુકમોનો અમલ.

**અપવાદો અને રદ કરવા બાબત**

૨૯. અપવાદ.

૩૦. (રદ કરી)

# હિન્દુ લગ્ન અધિનિયમ, ૧૯૫૫.

(સન ૧૯૫૫નો ૨૫મો)

[૧૮મી મે, ૧૯૫૫.]

**(સન ૧૯૯૩ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે અમલમાં હોય તે પ્રમાણે)**

હિન્દુઓના લગ્ન સંબંધી કાયદા સુધારવા અને સંહિતાબદ્ધ કરવા માટે અધિનિયમ.

સંસદે, ભારતના ગણરાજ્યના છઠ્ઠા વર્ષમાં નીચે પ્રમાણે અધિનિયમ કર્યો છે :–

## પ્રારંભિક

૧. (૧) આ અધિનિયમ હિન્દુ લગ્ન અધિનિયમ, ૧૯૫૫ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ.**

(૨) તે, જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાયના સમગ્ર ભારતને લાગુ પડે છે અને જે રાજ્યક્ષેત્રોને આ અધિનિયમ લાગુ પડતો હોય ત્યાં કાયમી વસવાટ કરતાં હોય છતાં સદરહુ રાજ્યક્ષેત્રોની બહાર હોય તેવા હિન્દુઓને પણ તે લાગુ પડે છે.

૨. (૧) આ અધિનિયમ નીચે જણાવેલી વ્યકિતઓને લાગુ પડે છે :– **અધિનિયમ લાગુ પાડવા બાબત.**

(ક) વીરશૈવ, લિંગાયત અથવા બ્રાહ્મસમાજ, પ્રાર્થના સમાજ કે આર્ય સમાજના અનુયાયી સહિત હિન્દુ ધર્મના કોઈપણ સ્વરૂપમાં અથવા વિકસિત રૂપમાં હિન્દુ હોય તે કોઈ વ્યકિત,

(ખ) ધર્મે બૌદ્ધ, જૈન અથવા શીખ હોય તે કોઈ વ્યકિત, અને

(ગ) આ અધિનિયમ લાગુ પડતો હોય તેવા રાજ્યક્ષેત્રોમાં કાયમી વસવાટ કરતી હોય અને ધર્મે મુસ્લીમ, ખ્રિસ્તી, પારસી અથવા યહુદી ન હોય તેવી બીજી કોઈપણ વ્યકિત, સિવાય કે આ અધિનિયમ પસાર કરવામાં આવ્યો ન હોત તો એવી વ્યકિતને, આ અધિનિયમમાં તજવીજ કરેલી બાબતો પૈકી કોઈ બાબતના સંબંધમાં હિન્દુ કાયદો અથવા તેના ભાગ તરીકે કોઈ રૂઢિ કે પ્રથા લાગુ પડત નહિ એવું સાબિત થાય.

સ્પષ્ટીકરણ.—નીચેની વ્યકિતઓ યથાપ્રસંગ, ધર્મે હિન્દુ, બૌદ્ધ, જૈન અથવા શીખ છે :–

(ક) જેના માતા-પિતા બંને ધર્મે હિન્દુ, બૌદ્ધ, જૈન અથવા શીખ હોય તેવું કોઈ ઔરસ અથવા અનૌરસ બાળક;

(ખ) જેના માતા-પિતા પૈકીનું કોઇ, ધર્મે હિન્દુ, બૌદ્ધ, જૈન અથવા શીખ હોય અને જેને એવા માતા-પિતા, જે આદિજાતિ, સમુદાય, સમૂહ અથવા કુટુંબના હોય કે ભૂતકાળમાં હોય, તેના સભ્ય તરીકે ઉછેરવામાં આવ્યું હોય તેવું કોઈ ઔરસ અથવા અનૌરસ બાળક; અને

(ગ) જેણે ધર્માન્તર કરી અથવા ફરીથી ધર્માન્તર કરી હિન્દુ, બૌદ્ધ, જૈન અથવા શીખ ધર્મ સ્વીકાર્યો હોય તે વ્યકિત.

(૨) પેટા–કલમ (૧) માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમનો કોઈપણ મજકૂર, કેન્દ્ર સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, અન્યથા આદેશ ન કરે તો, સંવિધાનની કલમ ૩૬૬ના ખંડ (૨૫) ના અર્થ મુજબની કોઈ અનુસૂચિત આદિજાતિના સભ્યોને લાગુ પડશે નહિ.

(૩) આ અધિનિયમના કોઈપણ ભાગમાં "હિન્દુ" એ શબ્દનો અર્થ, કોઈ વ્યકિત ધર્મે હિન્દુ ન હોય છતાં, જેને આ કલમની જોગવાઈઓની રૂએ, આ અધિનિયમ લાગુ પડતો હોય તેનો તે શબ્દમાં સમાવેશ થાય છે, તેમ કરવામાં આવશે.

૩. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,– **વ્યાખ્યા.**

(ક) "રિવાજ" અને "પ્રથા" એ શબ્દપ્રયોગો, લાંબા સમયથી સતત અને એક સરખો પળાતો હોવાને કારણે જે નિયમનો કોઈ સ્થાનિક વિસ્તાર, આદિજાતિ, સમુદાય, સમૂહ અથવા કુટુંબના હિન્દુઓમાં કાયદાના જેવો પ્રભાવ હોય

તેવા નિયમનો નિર્દેશ કરે છે;

પરંતુ તે નિયમ નિશ્ચિત હોવો જોઈએ અને તે ગેરવ્યાજબી અથવા જાહેર નીતિ વિરુધ્ધનો હોવો જોઈએ નહિ; અને

વધુમાં, માત્ર કોઈ કુટુંબને લાગુ પડતો હોય તેવા નિયમની બાબતમાં, તે કુટુંબે, તે નિયમ પાળવો બંધ કર્યો હોવો જોઈએ નહિ ;

(ખ) "જિલ્લા ન્યાયાલય" એટલે જે વિસ્તાર માટે શહેર દીવાની ન્યાયાલય હોય ત્યાં તે ન્યાયાલય અને બીજા કોઈ વિસ્તારમાં અસલ હકૂમતવાળું મુખ્ય દીવાની ન્યાયાલય અને તેમાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, આ અધિનિયમમાં તજવીજ કરેલી બાબતોના સંબંધમાં જે દીવાની ન્યાયાલયને, હકૂમત ધરાવતા ન્યાયાલય તરીકે નિર્દિષ્ટ કરે, તે ન્યાયાલયનો સમાવેશ થાય છે.

(ગ) "એક લોહીનું સગપણ" અને "ભિન્નોદર સગપણ"—જ્યારે બે વ્યકિતઓ એક જ પૂર્વજના તેની એક જ પત્નીથી થયેલા સંતાનો હોય ત્યારે તેઓ પરસ્પર એક લોહીનું સગપણ અને જ્યારે તેઓ એક જ પૂર્વજના પણ તેની જુદી જુદી પત્નીઓથી થયેલા સંતાનો હોય ત્યારે, ભિન્નોદર સગપણ ધરાવે છે એમ કહેવાય ;

(ઘ) "એકોદર સગપણ"—જ્યારે બે વ્યકિતઓ એક જ પૂર્વજના પણ તેના જુદાં જુદાં પતિથી થયેલા સંતાનો હોય ત્યારે તેઓ એકોદર સગપણ ધરાવે છે એમ કહેવાય.

સ્પષ્ટીકરણ.—ખંડો (ગ) અને (ઘ)માં, "પૂર્વજ" માં પિતાનો અને "પૂર્વજા" માં માતાનો સમાવેશ થાય છે;

(ચ) "ઠરાવેલું" એટલે, આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું ;

(છ) (૧) કોઈપણ વ્યકિતના સંદર્ભમાં "સપિંડ સગપણ" સંબંધિત વ્યકિતને પહેલી પેઢી ગણીને ચઢતી પેઢીએ માતૃપક્ષે ત્રીજી પેઢી (ત્રીજી પેઢી સહિત) સુધી અને પિતૃપક્ષે પાંચમી પેઢી (પાંચમી પેઢી સહિત) સુધી વિસ્તરે છે ;

(૨) બે વ્યકિતઓ પૈકી એક વ્યકિત, સપિંડ સગપણની મર્યાદામાં બીજી વ્યકિતની પેઢીગત પૂર્વજ હોય અથવા સપિંડ સગપણની મર્યાદામાં હોય તેવો તેમનો પેઢીગત એક પૂર્વજ હોય તો, બે વ્યકિતઓ એક-બીજાના "સપિંડ" છે એમ કહેવાય;

(જ) "સગપણની પ્રતિબંધિત પેઢીઓ"—નીચે પ્રમાણેનું સગપણ હોય તો, તે બે વ્યકિતઓ "સગપણની પ્રતિબંધિત પેઢીનું" સગપણ ધરાવે છે એમ કહેવાય.—

(૧) એક વ્યકિત, બીજી વ્યકિતની પેઢીગત પૂર્વજ હોય; અથવા

(૨) એક વ્યકિત બીજી વ્યકિતના પેઢીગત પૂર્વજનો અથવા વંશજની અગાઉ પત્ની કે પતિ હોય; અથવા

(૩) એક વ્યકિત, બીજી વ્યકિતના ભાઈની અથવા પિતા કે માતાના ભાઈની અથવા પિતામહ કે માતામહ અથવા પિતામહી કે માતામહીના ભાઈની અગાઉ પત્ની હોય; અથવા

(૪) તે બંને વ્યકિતઓ ભાઈબહેન, કાકો-ભત્રીજી કે મામો--ભાણેજી અથવા ફોઈ ભત્રીજો કે માસો ભાણેજ હોય અથવા મામા--ફોઈના અથવા કાકા--કાકાના અથવા માસી--માસીના સંતાનો હોય ;

સ્પષ્ટીકરણ :— ખંડો (છ) અને (જ)ના હેતુઓ માટે સગપણમાં નીચેના સગપણોનો સમાવેશ થાય છે—

(૧) એક લોહીનું તેમજ ભિન્નોદર અથવા એકોદર સગપણ ;

(૨) ઔરસ તેમજ અનૌરસ લોહીનું સગપણ ;

(૩) લોહીનું તેમજ દત્તક સગપણ ;

અને તે ખંડોમાં આવતા સગપણ સૂચક તમામ શબ્દોનો અર્થ તદનુસાર કરવો જોઈએ.

૪. આ અધિનિયમમાં અન્યથા સ્પષ્ટ રીતે જોગવાઈ કરી ન હોય તે સિવાય,— અધિનિયમની સર્વોપરિ અસર.

(ક) આ અધિનિયમના આરંભની તરત પહેલાં અમલમાં હોય તેવા હિન્દુ કાયદાનો કોઈ પાઠ, નિયમ અથવા તેનું અર્થઘટન અથવા તે કાયદાના ભાગ તરીકે કોઈ રિવાજ અથવા પ્રથા, આ અધિનિયમમાં જે બાબત માટે જોગવાઈ કરી હોય તે બાબત અંગે અમલમાં રહેશે નહિ;

(ખ) આ અધિનિયમના આરંભની તરત પહેલાં અમલમાં હોય તેવો બીજો કોઈ કાયદો, આ અધિનિયમમાં જણાવેલી કોઈપણ જોગવાઈ સાથે અસંગત હોય તેટલે અંશે અમલમાં રહેશે નહિ.

## હિન્દુ લગ્નો

૫. નીચેની શરતોનું પાલન થાય તો કોઈપણ બે હિન્દુઓ વચ્ચે વિધિસર લગ્ન થઈ શકશે :— હિન્દુ લગ્ન માટેની શરતો.

(૧) લગ્ન વખતે, બન્ને પક્ષકારોમાંથી, પુરુષને પત્ની અને સ્ત્રીને પતિ હયાત હોવો જોઈએ નહિ;

(૨) લગ્ન વખતે, બન્નેમાંથી કોઈ પક્ષકાર,—

(ક) અસ્થિર મગજના પરિણામે કાયદેસરની સંમતિ આપવામાં અસમર્થ ન હોવો જોઈએ; અથવા

(ખ) કાયદેસરની સંમતિ આપવામાં સમર્થ હોય તો પણ, એવા પ્રકારની કે એટલી હદે માનસિક વિકૃતિથી પીડાતી ન હોવી જોઈએ કે, તે લગ્ન અને પ્રજોત્પાદન માટે અયોગ્ય હોય; અથવા

(ગ) તેને પાગલપન અથવા અપસ્મારનો ફરી ફરીને હુમલો આવતો ન હોય;

(૩) લગ્ન વખતે વરે એકવીસ વર્ષ અને કન્યાએ અઢાર વર્ષ પૂરાં કર્યાં હોવાં જોઈએ;

(૪) પક્ષકારો સગપણની પ્રતિબંધિત પેઢીનું સગપણ ધરાવતા હોવા જોઈએ નહિ, સિવાય કે તેઓ પૈકી દરેકને લાગુ પડતા રિવાજ અથવા પ્રથાથી તેઓ બન્ને વચ્ચે લગ્નની છૂટ હોય ;

(૫) પક્ષકારો, એકબીજાના સપિંડ હોવા જોઈએ નહિ, સિવાય કે તેઓ પૈકી દરેકને લાગુ પડતા રિવાજ અથવા પ્રથાથી તેઓ બન્ને વચ્ચે લગ્નની છૂટ હોય.

(૬) * * * * * *

૬. [લગ્ન માટેનું વાલીપણું] બાળલગ્ન પ્રતિબંધ (સુધારા) અધિનિયમ, ૧૯૭૮ (સન ૧૯૭૮ના ૨જા) ની કલમ ૬ અને અનુસૂચીથી રદ કરી. (૧--૧૦--૧૯૭૮થી અમલી.)

૭. (૧) લગ્નના કોઈપણ એક પક્ષકારના રૂઢિગત ક્રિયા અને વિધિ અનુસાર હિન્દુ લગ્ન થઈ શકશે. હિન્દુ લગ્નની વિધિઓ.

(૨) એવી ક્રિયા અને વિધિમાં સપ્તપદી (એટલે કે પવિત્ર અગ્નિ સમક્ષ વર-કન્યાએ સંયુક્ત રીતે સાત પગલાં ભરવાં તે ) નો સમાવેશ થતો હોય, ત્યાં સાતમું પગલું ભરવામાં આવે એટલે લગ્ન સંપૂર્ણ અને બંધનકર્તા થાય છે.

૮. (૧) હિંદુ લગ્નોની સાબિતી સરળતાથી થઈ શકે તે માટે, એવા લગ્નના પક્ષકારો પોતાના લગ્ન અંગેની વિગતો આ માટે રાખેલા હિંદુ લગ્ન રજિસ્ટરમાં ઠરાવવામાં આવે તેવી રીતે અને શરતે નોંધાવી શકે એવી જોગવાઈ કરતા નિયમો રાજ્ય સરકાર કરી શકશે. હિન્દુ લગ્નોની નોંધણી.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે એમ કરવું જરૂરી અથવા ઈષ્ટ છે, તો રાજ્ય સરકાર તમામ કેસમાં અથવા નિર્દિષ્ટ કરવામાં આવે તે કેસમાં, રાજ્યમાં અથવા તેના કોઈપણ ભાગમાં, પેટા--કલમ (૧) માં ઉલ્લેખેલી વિગતો નોંધાવવી ફરજિયાત રહેશે એવી જોગવાઈ કરી શકશે અને એવો કોઈ આદેશ કાઢવામાં આવ્યો હોય ત્યારે, આ માટેના કોઈ નિયમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત પચીસ રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો તે કરવામાં આવ્યા પછી બનતી ત્વરાએ રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે.

(૪) હિન્દુ લગ્નનું રજિસ્ટર તમામ વાજબી સમયે તપાસણી માટે ખુલ્લું રહેશે અને તે રજિસ્ટર, તેમાં નોંધેલા કથનોના પૂરાવા તરીકે ગ્રાહય રહેશે અને અરજી ઉપરથી તે રજિસ્ટરમાંના પ્રમાણિત ઉતારા, રજિસ્ટ્રારે પોતાને ઠરાવેલી ફી મળ્યેથી આપવા જોઈશે.

(૫) આ કલમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, નોંધ કરવામાં આવી ન હોય તેવા કોઈપણ હિન્દુ લગ્નની કાયદેસરતાને કોઈ રીતે અસર થશે નહિ.

### દામ્પત્ય હક્કોનું પુનઃ સ્થાપન અને ન્યાયિક અલગતા

દામ્પત્ય હકોનું પુનઃસ્થાપન.

૯. પતિ અથવા પત્નીએ વાજબી કારણ વિના બીજાનો સહવાસ છોડી દીધો હોય ત્યારે, નારાજ થયેલી વ્યક્તિ દામ્પત્ય હકના પુનઃસ્થાપન માટે, જિલ્લા ન્યાયાલયને અરજ કરી શકશે અને એવી અરજમાં કરેલાં કથનો સાચાં છે એવી અને અરજી નામંજૂર કરવાનું કોઈ કાયદેસર કારણ નથી, એવી ખાતરી થયેથી, તે ન્યાયાલય તદનુસાર દામ્પત્ય હકના પુનઃ સ્થાપન માટે હુકમનામું કરી શકશે.

સ્પષ્ટીકરણ.—સહવાસ છોડી દેવા માટે વાજબી કારણ છે એવો પ્રશ્ન ઉઠે ત્યારે વાજબી કારણ સાબિત કરવાની જવાબદારી જેણે સહવાસ છોડી દીધો હોય તે વ્યક્તિની રહેશે.

(૨) * * * *

ન્યાયિક અલગતા.

૧૦. (૧) આ અધિનિયમના આરંભ પહેલાં અથવા પછી, વિધિસર થયેલાં લગ્નનો કોઈ પક્ષકાર, કલમ ૧૩ની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા કોઈપણ કારણ માટે અને પત્નીની બાબતમાં, તેની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા કોઈપણ કારણ માટે પણ, છૂટાછેડા લેવા માટે જેના આધારે અરજ કરી શકાય તે આધાર તરીકે ન્યાયિક અલગતા માટેના હુકમનામા માટે અરજ કરી શકશે.

(૨) ન્યાયિક અલગતા માટેનું હુકમનામું થઈ ગયું હોય ત્યારે, પ્રતિવાદી સાથે દંપતીભાવે રહેવાની અરજદાર માટે કોઈ જવાબદારી રહેશે નહિ, પરંતુ કોઈ એક પક્ષકાર અરજ દ્વારા અરજી કરે એટલે, અને આવી અરજમાં કરેલ કથનની સત્યતાની ખાતરી થયેથી, ન્યાયાલય, પોતાને ન્યાયી લાગે તો અને તેમ કરવાનું વાજબી લાગે તો, તે હુકમનામું રદ કરી શકશે.

### લગ્ન રદબાતલ થવા અને છૂટાછેડા બાબત

રદ લગ્નો.

૧૧. આ અધિનિયમના આરંભ પછી વિધિસર કરવામાં આવેલાં કોઈ લગ્નમાં કલમ ૫ના ખંડો (૧), (૪) અને (૫) માં નિર્દિષ્ટ કરેલી કોઈ શરતનું ઉલ્લંઘન થતું હોય, તો તે લગ્ન રદબાતલ થશે અને લગ્નના કોઈ પક્ષકારે બીજા પક્ષકાર વિરૂધ્ધ તે અંગે કરેલી અરજ ઉપરથી, રદ ઠરાવતાં હુકમનામાથી તેને રદબાતલ જાહેર કરી શકાશે.

રદ થવાને પાત્ર લગ્નો.

૧૨. (૧) આ અધિનિયમના આરંભ પહેલાં અથવા પછી વિધિસર કરવામાં આવેલ કોઈ લગ્ન, નીચે જણાવેલા કોઈપણ કારણે રદ થવાને પાત્ર ગણાશે અને રદ ઠરાવવાના હુકમનામાથી તેને રદબાતલ કરી શકાશે:—

(ક) પ્રતિવાદી નપુંસક હોવાના કારણે, લગ્ન સંપૂર્ણ થયા ન હોય ; અથવા

(ખ) લગ્ન, કલમ ૫ ના ખંડ (૨) માં નિર્દિષ્ટ કરેલી શરતનું ઉલ્લંઘન કરીને કરવામાં આવ્યું હોય; અથવા

(ગ) અરજદારની સંમતિની અથવા 'બાળલગ્ન પ્રતિબંધ (સુધારા) અધિનિયમ, ૧૯૭૮' ના આરંભની તરત જ પહેલાં વિદ્યમાન હતી તે રીતે કલમ ૫ હેઠળ અરજદારના લગ્ન માટેના વાલીની સંમતિની આવશ્યકતા હોય ત્યારે તે વાલીની સંમતિ બળજબરીથી અથવા વિધિના પ્રકાર પ્રમાણે કે પ્રતિવાદીના સંબંધિત આવશ્યક હકીકત અથવા સંજોગ પ્રમાણે, કપટથી મેળવવામાં આવી હોય ; અથવા સન ૧૯૭૮નો ૨જો.

(ઘ) પ્રતિવાદી, લગ્ન સમયે અરજદાર સિવાયની બીજી કોઈ વ્યક્તિથી સગર્ભા હોય.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, લગ્ન રદબાતલ કરવા માટેની કોઈપણ અરજ—

(ક) નીચે પ્રમાણે હોય, તો પેટા-કલમ (૧) ના ખંડ (ગ) માં નિર્દિષ્ટ કરેલા કારણે સ્વીકારી શકાશે નહિ—

(૧) યથાપ્રસંગ બળનો પ્રયોગ બંધ થયા બાદ અથવા કપટની જાણ થયા બાદ એક વર્ષથી વધુ મુદત પછી અરજ કરવામાં આવી હોય; અથવા

(૨) યથાપ્રસંગ, બળનો પ્રયોગ બંધ થયા બાદ અથવા કપટની જાણ થયા બાદ અરજદાર પોતાની સંપૂર્ણ સંમતિથી લગ્નના બીજા પક્ષકાર સાથે પતિ તરીકે અથવા પત્ની તરીકે રહેલ હોય;

(ખ) ન્યાયાલયને નીચે પ્રમાણે ખાતરી ન થાય તો પેટા-કલમ (૧)ના ખંડ (ઘ)માં નિર્દિષ્ટ કરેલા કારણે સ્વીકારી શકાશે નહિ કે-

(૧) કહેવામાં આવેલી હકીકતોથી અરજદાર લગ્ન વખતે અજ્ઞાત હતો;

(૨) આ અધિનિયમના આરંભ પહેલાં વિધિસર કરવામાં આવેલા લગ્નની બાબતમાં તેવા આરંભથી એક વર્ષની અંદર અને તેવા આરંભ પછી વિધિસર કરવામાં આવેલા લગ્નની બાબતમાં લગ્નની તારીખથી એક વર્ષની અંદર કાર્યવાહી કરવામાં આવી છે; અને

(૩) હુકમનામા માટે સદરહુ કારણો હોવાની અરજદારને જાણ થયા પછી અરજદારની સંમતિથી લગ્ન સંભોગ કરવામાં આવ્યો ન હોય.

૧૩. (૧) પતિ અથવા પત્નીએ કરેલી અરજ ઉપરથી આ અધિનિયમના આરંભ પહેલાં અથવા પછી વિધિસર થયેલાં લગ્નનો વિચ્છેદ છૂટાછેડા માટેના હુકમનામાથી નીચેના કારણે કરી શકાશે, જો બીજા પક્ષકારે,- **છૂટાછેડા.**

(૧) વિધિસર લગ્ન કર્યા પછી, પોતાના પતિ કે પત્ની સિવાયની બીજી કોઈ વ્યક્તિ સાથે સ્વેચ્છાથી મૈથુન કર્યું હોય ; અથવા

(૧ક) વિધિસર લગ્ન કર્યા પછી, અરજદાર સાથે ક્રૂર વર્તન કર્યું હોય ; અથવા

(૧ખ.) અરજ કર્યા પહેલાના તરતના બે વર્ષથી ઓછી ન હોય તેટલી સતત મુદત સુધી અરજદારને ત્યજી દીધો હોય; અથવા

(૨) ધર્માન્તર કરવાથી હિન્દુ રહ્યો ન હોય; અથવા

(૩) તે, અસાધ્ય હોય તેવા અસ્થિર મગજનો હોય અથવા સતત કે સમયાંતરે એવા પ્રકારની અને એટલી હદ સુધી માનસિક અસ્વસ્થતાથી પીડાતો હોય કે અરજદાર પ્રતિવાદી સાથે રહે તેવી વાજબી અપેક્ષા રાખી શકાય નહિ.

**સ્પષ્ટીકરણ**—આ ખંડમાં—

(ક) "માનસિક અસ્વસ્થતા" એટલે માનસિક બિમારી, મગજનો અપૂર્ણ કે રૂંધાયેલ વિકાસ કે મનોવિકૃતિ અથવા મગજની કોઈ અન્ય અસ્વસ્થતા કે માનસિક અશકતતા અને તેમાં શૂન્ય મનસ્કપણાનો સમાવેશ થાય છે;

(ખ) "મનોવિકૃતિ" એટલે મગજનો સતત વિકાર અથવા અશકિત (તેમાં બુધ્ધિની મંદતા હોય કે ન હોય) જેના પરિણામે બીજા પક્ષ પ્રત્યે અસામાન્ય આક્રમક કે ગંભીર રીતે બેજવાબદાર વર્તન થાય અને તેના માટે તબીબી ઉપચાર આવશ્યક હોય કે ન હોય અથવા એવો ઉપચાર ત્વરીત અસર કરે તેવો હોય કે ન પણ હોય; અથવા

(૪) તે, તીવ્ર અને અસાધ્ય રકતપિતથી પીડાતો હોય; અથવા

(૫) સંસર્ગજન્ય ચેપથી ગુપ્ત રોગથી પીડાતો હોય; અથવા

(૬) કોઈ ધાર્મિક સંપ્રદાયમાં જોડાઈને સંસાર ત્યાગી દીધો હોય; અથવા

(૭) જે વ્યકિતઓએ તે પક્ષકાર હયાત હોય તો સ્વાભાવિક રીતે તે વિષે સાંભળ્યું હોત તે વ્યકિતઓએ, સાત વર્ષ કે તેથી વધુ મુદત સુધી, તેના હયાત હોવા વિષે સાંભળ્યુ ન હોય.

**સ્પષ્ટીકરણ:**—આ પેટા-કલમમાં, "ત્યજી દેવું" એટલે લગ્નના બીજા પક્ષકારે વાજબી કારણ વિના અને એવા અથવા પક્ષકારની સંમતિ વિના એવા પક્ષકારની ઈચ્છા વિરુધ્ધ અરજદારને ત્યજી દીધો હોય અને તેમાં, લગ્નના બીજા પક્ષકારે, જાણીબુઝીને કરેલી અરજદારની ઉપેક્ષાનો સમાવેશ થાય અને તેના વ્યાકરણી રૂપાંતરો તથા સમુલીય શબ્દપ્રયોગોનો અર્થ, તદનુસાર થશે. * * * * * *

* * * * * * * * *

(૧ક) આ અધિનિયમના આરંભ પહેલા કે પછી વિધિસર થયેલા લગ્નનો કોઈ એક પક્ષકાર નીચેના કારણે પણ છૂટાછેડા માટેના હુકમનામાથી લગ્નવિચ્છેદ માટે અરજ કરી શકશે—

(૧) જે કાર્યવાહીમાં તેઓ પક્ષકારો હોય તેમાં છૂટાછેડા માટેનું હુકમનામું થયા પછી એક વર્ષ કે તેથી વધુ મુદત સુધી લગ્નના પક્ષકારોએ દંપતીભાવે રહેવાનું શરૂ કર્યું ન હોય; અથવા

(૨) જે કાર્યવાહીમાં તેઓ પક્ષકારો હોય તેમાં દામ્પત્ય હકના પુન: સ્થાપન માટેનું હુકમનામું થયા પછી એક વર્ષ કે તેથી વધુ મુદત સુધી લગ્નના પક્ષકારો વચ્ચે દામ્પત્ય હકનું પુન: સ્થાપન થયું ન હોય.

(૨) છૂટાછેડા માટેના હુકમનામાથી પોતાના લગ્નનો વિચ્છેદ કરવા માટે કોઈ પત્ની પણ નીચેના કારણે અરજ રજૂ કરી શકશે:—

(૧) આ અધિનિયમના આરંભ પહેલા વિધિસર કરવામાં આવેલા લગ્ન બાબતમાં, તેના પતિએ તેવા આરંભ પહેલાં બીજું લગ્ન કર્યુ હોય અથવા અરજદારનું લગ્ન થયું તે વખતે તેવા આરંભ પહેલા તેનાપતિએ જેની સાથે લગ્ન કર્યો હોય એવી બીજી પત્ની હયાત હોય :

પરંતુ બેમાંથી કોઈપણ પ્રસંગે, અરજ કરતી વખતે તે બીજી પત્ની હયાત હોવી જોઈએ; અથવા

(૨) વિધિસર લગ્ન થયા પછી પતિ બળાત્કાર માટે સૃષ્ટિક્રમ વિરૂધ્ધના સંભોગ માટે અથવા પશુ સાથે સંભોગ માટે, દોષિત થયો હોય; અથવા

(૩) 'હિન્દુ દતક વિધાન અને ભરણ પોષણ અધિનિયમ, ૧૯૫૬'ની કલમ ૧૮ હેઠળ ના કોઈ દાવામાં અથવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩'ની કલમ ૧૨૫ હેઠળની (અથવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮ની તત્સમાન કલમ ૪૮૮ હેઠળની) કોઈ કાર્યવાહીમાં પત્નીને ભરણ પોષણ આપવા પતિની વિરૂધ્ધ યથાપ્રસંગ, હુકમનામું અથવા હુકમ થયો હોવા છતાં, તે અલગ રહેતી હતી અને આવું હુકમનામું અથવા હુકમ થયાના એક વર્ષ કે તેનાથી વધારે સમય સુધી પક્ષકારોની વચ્ચે સહવાસ શરૂ થયો નથી ;

સન ૧૯૫૬નો ૭૮મો. સન ૧૯૭૪નો ૨જો

(૪) તેનું લગ્ન (લગ્નની પરિપૂર્તિ થઈ હોય કે ન હોય) તેની પંદર વર્ષની ઉંમર પૂરી થયા પહેલાં વિધિસર થયું હતું અને તેની પંદર વર્ષની ઉંમર પૂરી થયા પછી પણ અઢાર વર્ષની ઉંમર થયા પહેલા ફારગતી આપી દીધી હતી.

સન ૧૮૯૮નો ૫મો.

સ્પષ્ટીકરણ.—આ ખંડ, 'લગ્ન કાયદા (સુધારા) અધિનિયમ, ૧૯૭૬' ના આરંભ પહેલા કે પછી, લગ્ન કર્યા હોય તેને લાગુ પડશે.

સન ૧૯૭૬નો ૬૮મો.

**છૂટાછેડાની કાર્યવાહીઓમાં વૈકલ્પિક રાહત.**

૧૩ક. આ અધિનિયમ હેઠળની કોઈપણ કાર્યવાહીમાં કલમ ૧૩ની પેટા-કલમ (૧)ના ખંડો (૨), (૬) અને (૭)માં જણાવેલા આધારો પર અરજ કરવામાં આવેલી જણાઈ હોય તેટલે સુધી હોય તે સિવાય, છૂટાછેડાના હુકમ-નામાથી લગ્ન વિચ્છેદ માટેની અરજ ઉપર ન્યાયાલય, કેસના સંજોગો ધ્યાનમાં લઈને, તેમ કરવાનું ન્યાયી ગણે તો, ન્યાયિક અલગતા માટે હુકમનામું કરી શકશે.

**પરસ્પરની સંમતિથી છૂટાછેડા લેવા બાબત.**

૧૩ખ. (૧) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને છૂટાછેડાના હુકમનામા દ્વારા લગ્ન વિચ્છેદ માટેની અર ., આવું લગ્ન 'લગ્ન કાયદા (સુધારા) અધિનિયમ, ૧૯૭૬' ના આરંભ પહેલાં કે પછી, વિધિસર કર્યુ હોય તો પણ એક વર્ષ કે તેથી વધારે મુદત માટે જેઓ અલગ રહયા હોય, તેઓ સાથે રહી શકે એમ ન હોય અને તેઓએ પરસ્પર કબુલ કર્યુ છે કે લગ્ન વિચ્છેદ કરવો જોઈએ એ આધારે લગ્નના ઉભય પક્ષકારો જિલ્લા ન્યાયાલય સમક્ષ રજૂ કરી શકશે.

સન ૧૯૭૬નો ૬૮મો.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલી અરજ રજૂ કર્યાની તારીખથી છ મહિનાથી વહેલું નહિ અને સદરહુ તારીખથી અઢાર મહિનાથી મોડું ન હોય એરીતે, એ સમય દરમિયાન બંને પક્ષકારો વતી પોતાની મેળે અરજ પાછી ખેંચવામાં ન આવે તો, ન્યાયાલય, પક્ષકારોને સાંભળ્યા પછી અને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, પોતાને ખાતરી થાય કે લગ્ન વિધિસર કરવામાં આવ્યું હતું અને અરજમાં ખાતરીપૂર્વક કહેલું સાચું છે તો, હુકમનામાની તારીખથી અમલમાં આવે એરીતે લગ્ન વિચ્છેદ જાહેર કરતું છૂટાછેડાનું હુકમનામું કરી શકશે.

**લગ્ન થયા પછીના એક વર્ષની અંદર છૂટાછેડા માટેની અરજ કરી શકાશે નહિ.**

૧૪. (૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય છતાં, છૂટાછેડા માટેના હુકમનામાથી લગ્ન વિચ્છેદ માટેની અરજ તે અરજ કરવાની તારીખે લગ્નની તારીખથી એક વર્ષ પુરું થયું ન હોય તો, કોઈપણ ન્યાયાલયથી તે સ્વીકારી શકાશે નહિ.

પરંતુ તે અર્થે ઉચ્ચ-ન્યાયાલય કરે તે નિયમો અનુસાર કરેલી અરજ ઉપરથી, ન્યાયાલય સદરહુ બાબતમાં અરજદારને વેઠવી પડતી અસાધારણ હાડમારી અથવા પ્રતિવાદીના અસાધારણ દુરાચરણને કારણે લગ્નની તારીખથી એક વર્ષ વીતી જાય તે પહેલા અરજ કરવાની છૂટ આપી શકશે, પણ અરજની સુનાવણી વખતે ન્યાયાલયને એમ લાગે કે અરજદારે સદરહુ કેસના સ્વરૂપ અંગે ખોટી રજુઆત કરીને અથવા કંઈ છૂપાવીને અરજ કરવાની પરનવાગી મેળવી છે, તો ન્યાયાલય, પોતે જો હુકમનામું કરી આપે, તો, લગ્નની તારીખથી એક વર્ષ પુરું ન થાય ત્યાં સુધી, તે હુકમનામું અમલી બનશે નહિ એ શરતે તેમ કરી શકશે અથવા એવી રીતે કાઢી નાખેલ અરજના સમર્થનમાં કહેવામાં આવી હોય તે જ અથવા મુખ્યત: તે જ હકીકતો ઉપરથી સદરહુ એક વર્ષ પુરું થયા પછી કરવામાં આવે તેવી કોઈ અરજને બાધ આવ્યા વગર, સદરહુ અરજ કાઢી નાંખી શકશે.

(૨) લગ્નની તારીખથી એક વર્ષ પૂરું થયા પહેલાં છૂટાછેડા માટેની અરજ રજુ કરવાની પરવાનગી માટેની આ કલમ હેઠળની કોઈ અરજીનો નિકાલ કરતી વખતે, ન્યાયાલયે લગ્નથી થયેલા સંતાનોનું હિત અને સદરહુ એક વર્ષ પૂરું થયા પહેલા પક્ષકારો વચ્ચે સમાધાન થવાનો વાજબી સંભવ છે કે નહિ તે પ્રશ્ન ધ્યાનમાં લેવો જોઈશે.

૧૫. છૂટાછેડા માટેના હુકમનામાથી લગ્નનો વિચ્છેદ થયો હોય અને હુકમનામા સામે કાંતો અપીલ કરવાનો હક ન હોય અથવા એવો હક હોય તો અપીલ રજુ થયા વિના અપીલ કરવાની મુદત વીતી ગઈ હોય અથવા અપીલ રજુ કરી હોય અને તે કાઢી નાંખવામાં આવી હોય ત્યારે બેમાંથી કોઈ પક્ષકાર પુર્નલગ્ન કરે તો, તે કાયદેસર ગણાશે.

**છૂટાછેડા લીધેલી વ્યકિતઓ ક્યારે પુર્નલગ્ન કરી શકે ?**

* * * * * *

**સન ૧૯૭૬-નો ૬૮મો.**

૧૬. (૧) કલમ ૧૧ હેઠળ રદબાતલ લગ્ન હોવા છતાં, લગ્ન કાયદેસરના હોય તો, એવા લગ્નનું ઔરસ હોય તેવું કોઈ બાળક, 'લગ્ન કાયદા (સુધારા) અધિનિયમ, ૧૯૭૬' ના આરંભ પહેલા અથવા પછી, આવું બાળક જન્મ્યું હોય તો, અને આ અધિનિયમ હેઠળ તે લગ્નના સંબંધમાં લગ્નની રદબાતલતા મંજૂર થઈ હોય કે ન થઈ હોય અથવા આ અધિનિયમ હેઠળની અરજ ઉપરથી હોય તે સિવાય, લગ્ન રદ કર્યા હોય કે ન કર્યા હોય તો, તે ઔરસ ગણાશે.

**રદ અથવા રદ થવાને પાત્ર લગ્નોથી થયેલા બાળકોની ઔરસતા.**

(૨) કલમ ૧૨ હેઠળ રદ કરી શકાય એવા લગ્નના સંબંધમાં તે રદબાતલ કરાવતું હુકમનામું મંજૂર થયું હોય ત્યારે હુકમનામું થયા પહેલાં જન્મેલું અથવા ગર્ભસ્થ બાળક, લગ્ન રદ કરવાને બદલે હુકમનામાની તારીખે લગ્ન વિચ્છેદ થઈ ગયો હોય તો, લગ્નના પક્ષકારોનું જે બાળક ઔરસ બાળક ગણાત, તે બાળક, રદબાતલ ઠરાવવાનું હુકમનામું થયું હોવા છતાં, તેમનું ઔરસ બાળક છે એમ ગણાશે.

(૩) પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨)માંના કોઈપણ મજકૂરનો અર્થ, રદ હોય, અથવા કલમ ૧૨ હેઠળ રદબાતલના હુકમનામાથી ગેરકાયદેસર જાહેર કર્યુ હોય તેવા લગ્નથી થયેલું કોઈ બાળક, તેના માતા-પિતા સિવાય, બીજી કોઈ વ્યકિતની મિલકતના હક અથવા મિલકત માટે આ અધિનિયમ કર્યો ન હોય તો, આવું બાળક, પોતાના માતા-પિતાનું ઔરસ બાળક ન હોવાના કારણે, જે હકપ્રાપ્ત કરી શકત નહિ અથવા સંપાદન કરી શકત નહિ તેવો હક પ્રાપ્ત કરતું હોય એવો અર્થ કરવામાં આવશે નહિ.

**સન ૧૮૬૦નો ૪૫મો.**

૧૭. આ અધિનિયમના આરંભ પછી, બે હિન્દુઓ વચ્ચે વિધિસર થયેલું કોઈપણ લગ્ન, જો એવા લગ્નની તારીખે બેમાંથી કોઈ પક્ષકારને પતિ અથવા પત્ની હયાત હોય, તો રદ ગણાશે; અને ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૪૯૪ અને ૪૯૫ ની જોગવાઈઓ તદ્નુસાર લાગુ પડશે.

**દ્વિપતિત્વ અથવા દ્વિપત્નીત્વ માટેની શિક્ષા.**

૧૮. કલમ ૫ના ખંડો (૩), (૪) અને (૫)માં નિર્દિષ્ટ કરેલી શરતોનું ઉલ્લંઘન કરીને, આ અધિનિયમ હેઠળ પોતાનું વિધિસર લગ્ન કરાવે એવી દરેક વ્યકિત—

(ક) કલમ ૫ના ખંડ (૩) માં નિર્દિષ્ટ કરેલી શરતનું ઉલ્લંઘન થયું હોય તે પ્રસંગે પંદર દિવસ સુધીની સાદી કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે ;

(ખ) કલમ ૫ના ખંડ (૪) અથવા ખંડ (૫) માં નિર્દિષ્ટ કરેલી શરતનું ઉલ્લંઘન થયું હોય તે પ્રસંગે, એક મહિના સુધીની સાદી કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે,

* * *

(ગ) * * * * * *

**હિન્દુ લગ્ન માટેની અમુક બીજી શરતોના ઉલ્લંઘન માટેની શિક્ષા.**

### હકૂમત અને કાર્યરીતિ

૧૯. આ અધિનિયમ હેઠળ કરવાની દરેક અરજ, જે જિલ્લા ન્યાયાલયની સાધારણ અસલ દીવાની હકૂમતની સ્થાનિક હદની અંદર—

**કયા ન્યાયાલયને અરજ કરવી જોઈશે.**

(૧) લગ્ન વિધિસર કરવામાં આવ્યું હતું ; અથવા

(૨) અરજ રજૂ કરતી વખતે, પ્રતિવાદી રહેતો હોય; અથવા

(૩) લગ્નના પક્ષકારો છેલ્લે સાથે રહયા હોય; અથવા

(૪) અરજદાર, અરજ રજૂ કરતી વખતે રહેતો હોય તે પ્રસંગે પ્રતિવાદી તે સમયે આ અધિનિયમ જે પ્રદેશમાં અમલી હોય તે પ્રદેશની બહાર રહેતો હોય અથવા જેઓએ તેના વિષે જો તે હયાત હોય તો સ્વાભાવિક રીતે સાંભળ્યું હોત તેઓએ તે હયાત છે કે નહિ તે વિષે સાત વર્ષથી અથવા તેથી વધુ સમયથી તેના માટે કંઈ સાંભળ્યું ન હોય,

તે જિલ્લા ન્યાયાલય સમક્ષ (અરજ) રજૂ કરવી જોઈશે.

**અરજોની વિગતો અને ખરાઈ.**

૨૦. (૧) આ અધિનિયમ હેઠળ કરેલી દરેક અરજમાં કેસનો પ્રકાર જોતાં, બને તેટલી સ્પષ્ટતાપૂર્વક જે હકીકતો ઉપર દાદ મેળવવાના હકદાવાનો આધાર હોય તે હકીકતો જણાવવી જોઈશે અને કલમ ૧૧ હેઠળની અરજમાં હોય તે સિવાય, એમ પણ જણાવવું જોઈશે કે અરજદાર અને લગ્નના પક્ષકાર વચ્ચે કોઈ છૂપી સંતલસ થયેલ નથી.

(૨) આ અધિનિયમ હેઠળની દરેક અરજમાંના કથનોની અરજદારે અથવા બીજી કોઈ સક્ષમ વ્યકિતએ, દાવા અરજીની ખરાઈ માટે, કાયદામાં ઠરાવેલી રીતે ખરાઈ કરવી જોઈશે અને સુનાવણી વખતે તેનો પુરાવા તરીકે ઉલ્લેખ કરી શકાશે.

**સન ૧૯૦૮નો ૫મો અધિનિયમ લાગુ પાડવા બાબત.**

૨૧. આ અધિનિયમની બીજી જોગવાઈઓને અને ઉચ્ચ ન્યાયાલય, આ અર્થે કરે તેવા નિયમોને અધીન રહીને, આ અધિનિયમ હેઠળની તમામ કાર્યવાહીઓનું નિયમન શકય હોય ત્યાં સુધી. 'દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮' પ્રમાણે કરવું જોઈશે.

**અમુક કેસોમાં અરજો બીજાને તબદીલ કરવાની સત્તા.**

૨૧ક. (૧) જ્યારે—

(ક) કલમ ૧૦ હેઠળ ન્યાયિક અલગતા માટેના હુકમનામા માટે અથવા કલમ ૧૩ હેઠળ છૂટાછેડાના હુકમનામા માટે, અરજ કરતી, આ અધિનિયમ હેઠળ કોઈ અરજ લગ્નના પક્ષકારે હકૂમત ધરાવતી જિલ્લા ન્યાયાલયને કરી હોય, અને

(ખ) ત્યાર પછી, કોઈપણ કારણસર કલમ ૧૦ હેઠળ ન્યાયિક અલગતા માટેના હુકમનામા માટે અથવા કલમ ૧૩ હેઠળ છૂટાછેડાના હુકમનામા માટે અરજ કરતી, આ અધિનિયમ હેઠળની બીજી અરજ લગ્નના અન્ય પક્ષકારે તે જ જિલ્લા ન્યાયાલયને અથવા તે જ રાજ્યમાંના અથવા બીજા રાજ્યના બીજા જિલ્લા ન્યાયાલયમાં કરી હોય,

ત્યારે, એવી અરજોની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે તજવીજ કરવી જોઈશે.

(૨) પેટા-કલમ (૧) જેને લાગુ પડતી હોય તેવા કેસમાં,—

(ક) એવી અરજો એક જ જિલ્લા ન્યાયાલયમાં રજૂ કરવામાં આવી હોય તો, તે જિલ્લા ન્યાયાલય બન્ને અરજોની ઈનસાફી કાર્યવાહી અને સુનાવણી એક સાથે કરી શકશે;

(ખ) અરજો જુદા જુદા જિલ્લા ન્યાયાલયોમાં કરવામાં આવી હોય તો, પહેલી અરજ જે જિલ્લા ન્યાયાલયમાં કરવામાં આવી હોય તે જિલ્લા ન્યાયાલયમાં પછીથી કરેલી અરજ તબદીલ કરવામાં આવશે અને પહેલી અરજ જેમાં કરવામાં આવી હતી તે જિલ્લા ન્યાયાલય, બન્ને અરજોની એક સાથે સુનાવણી અને નિકાલ કરશે.

(૩) પેટા-કલમ (૨)નો ખંડ (ખ) લાગુ પડતો હોય તેવા કેસમાં, યથાપ્રસંગ, ન્યાયાલય અથવા સરકાર, જે જિલ્લા ન્યાયાલયમાં પહેલી અરજ અનિર્ણિત રહી હોય તે જિલ્લા ન્યાયાલયને પછીની અરજ કરવામાં આવી હોય તે જિલ્લા ન્યાયાલયમાંથી કોઈ દાવો અથવા કાર્યવાહી તબદીલ કરવા માટે, 'દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮' હેઠળ સક્ષમ હોય તે, સદરહુ અધિનિયમ હેઠળ, આવી પછીથી કરેલી અરજ તબદીલ કરવા પોતાને સત્તા આપવામાં આવી હોય એ રીતે સત્તા વાપરશે. **સન ૧૯૦૮નો ૫મો.**

**અધિનિયમ હેઠળની અરજોની ઈનસાફી કાર્યવાહી અને નિકાલ સંબંધી ખાસ જોગવાઈ.**

૨૧ખ. (૧) આ અધિનિયમ હેઠળની અરજની ઈનસાફી કાર્યવાહી, ઈનસાફી કાર્યવાહીના સંબંધમાં ન્યાયના હિતમાં સુસંગત રીતે વ્યવહાર્ય હોય ત્યાંસુધી, કારણોની લેખિત નોંધ કરીને પછીના દિવસ પછી તે કાર્યવાહી મોકૂફ રાખવાનું ન્યાયાલયને જરૂરી જણાય તે સિવાય, તેવી કાર્યવાહીનું આખરી પરિણામ ન આવે ત્યાં સુધી, તે રોજે-રોજ ચાલુ રાખવામાં આવશે.

(૨) શકય તેટલી ત્વરાએ આ અધિનિયમ હેઠળની દરેક અરજની ઈનસાફી કાર્યવાહી કરવામાં આવશે અને પ્રતિવાદી ઉપરની અરજની નોટિસ બજાવ્યાની તારીખથી છ મહિનાની અંદર, ઈનસાફી કાર્યવાહી સમાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવશે.

(૩) આ અધિનિયમ હેઠળની દરેક અપીલની શકય તેટલી જલ્દી સુનાવણી કરવી જોઈશે અને પ્રતિવાદી ઉપર અપીલની નોટિસ બજાવ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર સુનાવણી સમાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવશે.

દસ્તાવેજી પૂરાવો

૨૧ગ. કોઈ અધિનિયમમાં વિરુધ્ધનો ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમ હેઠળની કોઈ અરજની ઈન્સાફી કાર્યવાહીમાં કોઈ પૂરાવો તે યોગ્ય રીતે સ્ટેમ્પ મારેલો કે નોંધાયેલો નથી એ કારણસર અગ્રાહય થશે નહિ.

કાર્યવાહી બંધબારણે ચલાવવી અને તે છાપી કે પ્રસિધ્ધ કરી શકાશે નહિ.

૨૨. (૧) આ અધિનિયમ હેઠળની દરેક કાર્યવાહી બંધબારણે ચલાવવી જોઈશે અને ઉચ્ચ ન્યાયાલય અથવા ઉચ્ચતમ ન્યાયાલયના ફેંસલા સિવાયની કોઈ કાર્યવાહીને લગતી કોઈ બાબત ન્યાયાલયની પૂર્વ મંજૂરી વિના છાપવાનું કે પ્રસિધ્ધ કરવાનું કોઈપણ વ્યકિત માટે કાયદેસર ગણાશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માંની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને, કોઈ વ્યકિત, કોઈ બાબત છાપે અથવા પ્રસિધ્ધ કરે તો, તે, એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

કાર્યવાહીઓમાં હુકમનામું

૨૩. (૧) આ અધિનિયમ હેઠળની કોઈ કાર્યવાહીમાં બચાવ કરવામાં આવ્યો હોય કે ન હોય તો પણ,

ન્યાયાલયને એવી ખાતરી થાય કે—

(ક) દાદ આપવા માટે કોઈપણ કારણ છે અને અરજદાર, કલમ ૫ના ખંડ (૨)ના પેટા-ખંડ (ક), પેટા-ખંડ (ખ) અથવા પેટા-ખંડ (ગ)માં નિર્દિષ્ટ કરેલા આધાર ઉપર તેણે દાદ માંગી હોય તેવા કિસ્સા સિવાય, એવી દાદ મેળવવાના હેતુ માટે પોતાના દોષનો અથવા અસમર્થતાનો કોઈ રીતે લાભ લેતો નથી, અને

(ખ) અરજ માટેનું કારણ, કલમ ૧૩ની પેટા-કલમ (૧)ના ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલું કારણ હોય ત્યારે, જેના માટે ફરિયાદ કરી હોય તે કૃત્ય અથવા કૃત્યોમાં અરજદાર કોઈ રીતે સહાયક થયો નથી, તેણે તેના પ્રત્યે મૂકસંમતિ આપી નથી અથવા તે માટે માફી આપી નથી અથવા અરજ માટેનું કારણ ક્રુરતા હોય, તો અરજદારે કોઈ રીતે તે માટે માફી આપી નથી, અને .

(ખખ) પરસ્પર સંમતિના આધાર પર છૂટાછેડા લેવામાં આવ્યા હોય, ત્યારે, આવી સંમતિ, બળજબરીથી, કપટથી કે અયોગ્ય વગથી લેવામાં આવી નથી, અને

(ગ) (કલમ ૧૧ હેઠળ રજૂ કરેલ અરજ ન હોય તેવી) અરજ પ્રતિવાદી સાથે મેળાપીપણાંથી કરવામાં આવી નથી કે મેળાપીપણાંથી તેના અંગે કામ ચલાવવામાં આવ્યું નથી, અને

(ઘ) કાર્યવાહી કરવામાં બિનજરૂરી અથવા અયોગ્ય વિલંબ કરવામાં આવેલ નથી, અને

(ચ) શા માટે દાદ ન આપવી તેનું કોઈ બીજું કાયદેસર કારણ નથી,

ત્યારે, અન્યથા નહિ પણ આવા કેસમાં, ન્યાયાલયે તદ્દનુસાર હુકમનામું કરી આપીને, એવી દાદ આપવાની રહેશે.

(૨) આ અધિનિયમ હેઠળ કોઈ દાદ આપતાં પહેલાં, કેસના સ્વરૂપ અને સંજોગો સાથે સુસંગત રહીને, પક્ષકારો વચ્ચે પુન: સમાધાન કરાવી આપવાનું શકય હોય તેવા દરેક કેસમાં તેમ કરવાનો પૂરો પ્રયત્ન કરવાની ન્યાયલયની પ્રથમ ફરજ રહેશે :

પરંતુ આ પેટા-કલમમાંનો કોઈ મજકૂર, કલમ ૧૩ની પેટા-કલમ (૧)ના ખંડ (૨), ખંડ (૩), ખંડ (૪), ખંડ (૫), ખંડ (૬) અથવા ખંડ (૭)માં નિર્દિષ્ટ કરેલા કોઈપણ આધાર ઉપર જે કાર્યવાહીમાં દાદ માંગવા ધાર્યું હોય તેવી કોઈ કાર્યવાહીને લાગુ પડશે નહિ.

(૩) આવું પુન: સમાધાન કરાવવામાં ન્યાયાલયને સહાય કરવાના હેતુ માટે, પક્ષકાર એવું ઈચ્છે તો અથવા ન્યાયાલયને તેમ કરવાનું ન્યાયી અને યોગ્ય લાગે તો પંદર દિવસથી વધુ ન હોય તેવી વાજબી મુદત માટે ન્યાયાલય કાર્યવાહીઓ મુલતવી રાખી શકશે અને આ અર્થે પક્ષકારોએ આપેલ કોઈપણ વ્યકિતના નામે અથવા પક્ષકારો કોઈ વ્યકિતનું નામ ન આપે તો ન્યાયાલય નિયુકત કરે તેવી કોઈ પણ વ્યકિતને, એવા નિર્દેશો સાથે જણાવી શકશે કે તેણે તે ન્યાયાલયને આ બાબતે રિપોર્ટ કરવો કે પુન:સમાધાન થઈ શકે તેમ છે અથવા થઈ ગયું છે કે નહિ અને ન્યાયાલયે તે રિપોર્ટને યોગ્ય રીતે લક્ષમાં લઈને, કાર્યવાહીનો નિકાલ કરવો જોઈશે.

(૪) છૂટાછેડાના હુકમનામાથી લગ્ન વિચ્છેદ થયો હોય તેવા દરેક કિસ્સામાં હુકમનામું કરનાર ન્યાયાલયે, દરેક પક્ષકારોને, વિનામૂલ્યે તેની એક નકલ આપવી જોઈશે.

**છૂટાછેડા અને અન્ય કાર્યવાહીઓમાં પ્રતિવાદી માટે રાહત.**

૨૩ક છૂટાછેડા અથવા ન્યાયિક અલગતા અથવા દામ્પત્ય હકના પુનઃસ્થાપન માટેની કોઈપણ કાર્યવાહીમાં, પ્રતિવાદી અરજદારના જારકર્મ, ક્રૂરતા અથવા ત્યજીદેવાના આધાર પર આપેલી દાદનો માત્ર વિરોધ જ કરી શકશે નહિ પણ તે આધાર પર આ અધિનિયમ હેઠળની કોઈપણ દાદ માટે સામો દાવો પણ કરી શકશે; અને અરજદારના જારકર્મ, ક્રૂરતા કે ત્યજી દીધાનું સાબિત થાય તો, ન્યાયાલય; પ્રતિવાદીને, તે આધાર પર આવી દાદ માંગેલ અરજ તેણે અથવા તેણીએ રજુ કરી હોય તો, તે અથવા તેણી આ અધિનિયમ હેઠળ જે દાદ માંગવા હકદાર હોય તેવી કોઈ દાદ આપી શકશે.

**કાર્યવાહી ચાલુ હોય તે દરમિયાન ભરણપોષણ અને કાર્યવાહીનું ખર્ચ.**

૨૪. આ અધિનિયમ હેઠળની કોઈ કાર્યવાહીમાં ન્યાયાલયને એમ જણાય કે યથાપ્રસંગ પત્ની અથવા પતિ પાસે પોતાના નિભાવ અને કાર્યવાહીના જરૂરી ખર્ચ પૂરતી સ્વતંત્ર આવક નથી, તો પત્ની અથવા પતિની અરજી ઉપરથી કાર્યવાહીનું ખર્ચ અને કાર્યવાહી ચાલુ રહે તે દરમિયાન દર મહિને અરજદારની પોતાની આવક અને પ્રતિવાદીની આવક ધ્યાનમાં લઈને, ન્યાયાલય પોતાને વાજબી જણાય તે રકમ અરજદારને આપવા માટે પ્રતિવાદીને હુકમ કરી શકશે.

**કાયમી ખોરાકી પોષાકી અને ભરણપોષણ.**

૨૫. (૧) આ અધિનિયમ હેઠળ હકુમત વાપરતું કોઈપણ ન્યાયાલય, કોઈ હુકમનામું કરતી વખતે અથવા તે પછી ગમે તે સમયે, યથાપ્રસંગ પત્નીએ અથવા પતિએ તે હેતુ માટે કરેલી અરજી ઉપરથી પ્રતિવાદીની પોતાની આવક અને બીજી મિલકત હોય તો તે, અરજદારની આવક અને બીજી મિલકત અને પક્ષકારોનું વર્તન અને કેસના અન્ય સંજોગો ધ્યાનમાં લઈને તેના ભરણપોષણ અને નિર્વાહ માટે પોતાને ન્યાયી જણાય તેવી ઉચ્ચક રકમ અથવા તેની હયાતી પર્યંત થી વધુ ન હોય તેટલા સમય માટે માસિક કે નિયત મુદતે આપવાની રકમ પ્રતિવાદીએ તેને આપવી· એવો હુકમ કરી શકશે અને જરૂરી હોય તો પ્રતિવાદીની સ્થાવર મિલકત ઉપર બોજો રાખીને એવી ચૂકવણી સુરક્ષિત કરી શકશે.

(૨) ન્યાયાલયને એવી ખાતરી થાય કે પેટા--કલમ (૧) હેઠળ પોતે હુકમ કર્યા પછી ગમે તે સમયે, બેમાંથી કોઈપણ પક્ષકારના સંજોગોમાં ફેરફાર થયો છે, તો બેમાંથી કોઈ પક્ષકારની વિનંતી ઉપરથી, ન્યાયાલય પોતાને ન્યાયી લાગે તે રીતે તે હુકમમાં ફેરફાર કરી શકશે, તે સુધારી શકશે અથવા તેને રદ કરી શકશે.

(૩) ન્યાયાલયને એવી ખાતરી થાય કે જેની તરફેણમાં આ કલમ હેઠળ હુકમ કરવામાં આવેલ હોય તે પક્ષકારે પુનઃલગ્ન કર્યા છે અથવા એવો પક્ષકાર પત્ની હોય તો, તેણે પોતાનું શિયળ સાચવ્યું નથી અથવા એવો પક્ષકાર પતિ હોય તો, તેણે કોઈ સ્ત્રી સાથે લગ્નબાહ્ય સંભોગ કરેલો છે, તો ન્યાયાલય બેમાંથી કોઈ પક્ષકારની વિનંતી ઉપરથી, પોતાને ન્યાયી લાગે તે રીતે, તે હુકમમાં ફેરફાર કરી શકશે, તે સુધારી શકશે અથવા તેને રદ કરી શકશે.

**બાળકોનો હવાલો.**

૨૬. આ અધિનિયમ હેઠળની કોઈપણ કાર્યવાહીમાં, ન્યાયાલય, સગીર બાળકોના હવાલા, ભરણપોષણ અને શિક્ષણ અંગે શક્ય હોય તો તે તેમની ઈચ્છાઓને અનુકૂળ રહીને, વખતોવખત પોતાની ન્યાયી અને યોગ્ય લાગે તેવા વચગાળાના હુકમો કરી શકશે અને હુકમનામામાં તેવી જોગવાઈઓ કરી શકશે અને હુકમનામું થયા પછી, આ હેતુથી કરેલી અરજ ઉપરથી, સગીર બાળકોના હવાલા, ભરણપોષણ અને શિક્ષણ અંગે હુકમનામું મેળવવા માટેની કાર્યવાહી નિકાલ બાકી હોત અને સદરહું હુકમનામાથી અથવા વચગાળાના હુકમોથી કરી શકાયા હોત તેવા તમામ હુકમો અને જોગવાઈઓ વખતો વખત કરી શકશે અને અગાઉ કરેલા એવા હુકમો અને જોગવાઈઓને ન્યાયાલય, વખતોવખત, રદ કરી શકશે, તે મોકૂફ રાખી શકશે અથવા તેમાં ફેરફાર પણ કરી શકશે.

**મિલકતની વ્યવસ્થા.**

૨૭. લગ્ન વખતે અથવા તે અરસામાં પતિ અને પત્નીને ભેટ તરીકે મળેલી જે મિલકત તેઓ બંનેની સંયુક્ત માલિકીની હોય તે અંગે આ અધિનિયમ હેઠળની કાર્યવાહીમાં ન્યાયાલય, હુકમનામામાં પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવી જોગવાઈ કરી શકશે.

**હુકમનામા અને હુકમો સામે અપીલ.**

૨૮. (૧) આ અધિનિયમ હેઠળની કોઈપણ કાર્યવાહીમાં ન્યાયાલયે કરેલા તમામ હુકમનામા, પેટા--કલમ(૩)ની જોગવાઈઓને અધીન રહીને, અસલ દીવાની હકૂમત વાપરીને કરેલા ન્યાયાલયના હુકમનામા તરીકે અપીલ પાત્ર થશે અને ન્યાયાલય અસલ દીવાની હકૂમત વાપરીને આપેલા પોતાના ફેંસલાની જે ન્યાયાલયમાં સામાન્ય રીતે અપીલ કરી શકાય તે ન્યાયાલયમાં આવી દરેક અપીલ કરવી જોઈશે.

(૨) કલમ ૨૫ અથવા કલમ ૨૬ હેઠળ આ અધિનિયમ હેઠળની કોઈપણ કાર્યવાહીમાં ન્યાયાલયે કરેલા હુકમો, પેટા-કલમ (૩)ની જોગવાઈઓને અધીન રહીને, જો તે હુકમો વચગાળાના હુકમો ન હોય તો, તે અપીલને પાત્ર થશે અને ન્યાયાલયે અસલ દીવાની હકૂમત વાપરીને આપેલા પોતાના ફેંસલાથી જે ન્યાયાલયમાં સામાન્ય રીતે અપીલ કરી શકાય તે ન્યાયાલય સમક્ષ આવી દરેક અપીલ કરવી જોઈશે.

(૩) માત્ર ખર્ચના વિષય બાબત આ કલમ હેઠળ કોઈપણ અપીલ થઈ શકશે નહિ.

(૪) આ કલમ હેઠળની દરેક અપીલ, હુકમનામા અથવા હુકમની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર કરી શકાશે.

૨૮ક. આ અધિનિયમ હેઠળની કોઈપણ કાર્યવાહીમાં ન્યાયાલયે કરેલા તમામ હુકમનામા અને હુકમોનો અમલ, તે સમયે તેની અસલ દીવાની હકૂમત વાપરીને ન્યાયાલયે જે રીતે હુકમનામા અને હુકમો કર્યા હતા તે રીતે, કરવામાં આવશે. હુકમનામા અને હુકમોનો અમલ.

### અપવાદો અને રદ કરવા બાબત.

૨૯. (૧) આ અધિનિયમના આરંભ પહેલાં હિન્દુઓ વચ્ચે વિધિસર થયેલું અને અન્યથા કાયદેસર હોય તેવું લગ્ન, તેના પક્ષકારો કેવળ એક જ ગોત્રના અથવા પ્રવરના હતા અથવા જુદા જુદા ધર્મના, જુદી જુદી જ્ઞાતિના અથવા એક જ જ્ઞાતિની જુદી જુદી પેટા-જ્ઞાતિના હતા તેટલા જ કારણે, બિનકાયદેસર છે અથવા કોઈ સમયે બિનકાયદેસર હતું એમ ગણાશે નહિ. અપવાદો.

(૨) આ અધિનિયમના કોઈપણ મજકૂરથી, આ અધિનિયમના આરંભ પહેલાં કે પછી વિધિસર થયેલા હિંન્દુ લગ્નનો વિચ્છેદ મેળવવાના રૂઢિ માન્ય હકને અથવા કોઈ ખાસ અધિનિયમથી મળેલા હકને અસર થશે નહિ.

(૩) આ અધિનિયમના કોઈ મજકૂરથી, આ અધિનિયમના આરંભ વખતે નિકાલ બાકી હોય તેવી, કોઈ લગ્ન રદબાતલ જાહેર કરવા માટેની અથવા કોઈ લગ્ન રદબાતલ કરવા અથવા તેનો વિચ્છેદ કરવા માટેની અથવા ન્યાયિક અલગતા માટેની, તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળની કોઈપણ કાર્યવાહીને અસર થશે નહિ અને એવી કોઈ કાર્યવાહી, આ અધિનિયમ પસાર થયેલો નથી તેમ ગણીને ચાલુ રાખી શકાશે અને તેનો નિર્ણય કરી શકાશે.

સન ૧૯૫૪નો ૪૩મો. (૪) આ અધિનિયમના કોઈપણ મજકૂરથી, આ અધિનિયમના આરંભ પહેલાં કે પછી ખાસ લગ્ન અધિનિયમ ૧૯૫૪ હેઠળ હિંન્દુઓ વચ્ચે વિધિસર થયેલા લગ્નો અંગેની તે અધિનિયમની જોગવાઈઓને અસર થાય છે એમ ગણાશે નહિ.

૩૦. [રદ કરવા બાબત] રદ કરવા અને સુધારવા બાબત અધિનિયમ, ૧૯૬૦ (સન ૧૯૬૦ના ૫૮મા) ની કલમ ૨ અને પહેલી અનુસૂચિથી રદ કરી.

———